# BHUJ BRANCH OF WIRC OF ICAI

## E-NEWSLETTER FOR THE MONTH OF DECEMBER-2021

(FOR PRIVATE CIRCULATION ONLY)


**CA. Ramesh Pindolia**
*Chairman & Treasurer*
9825662808

**CA. Purvi Mehta**
*Vice Chairperson, Secretary & WICASA Chairperson*
9374338587

**CA. Jitendra Thacker**
*Imm.Past Chairman*
9825537937

**CA. Hardik P.Thacker**
*Member*
9825858580

**CA. Ashish Gadhavi**
*Member*
9925738543

**CA. Priti Savla**
*RCM & Branch Nominee (WIRC)*

**CA Jagrut Anjaria**
*Newsletter Advisor*
9426788728

Address:-
Hall No. 2,
Katira Complex-2
Sanskar Nagar
Bhuj-Kachchh
Phone:-258580; 9925738543
E-mail:-
bhujbranch.wirc@gmail.com



DISCLAIMER

The views and opinions expressed or implied in this newsletter are those of the authors and do not necessarily reflect those of the Branch. The Branch is not in any way responsible for the result of any action taken on the basis of views and opinions expressed in this newsletter.


IN THIS EDITION


CHAIRMAN'S COMMUNICATION

True and Fair: Journey of a CA

A Conversation with CA D.L.Vegad

CA Hetal Bhojani

INCOME TAX
Evidence under the Income Tax Act

Compiled by: CA Jagrut A. Anjaria

INCOME TAX
What Judicial Decisions Have to Say About Speaking Order

Compiled by: CA Jagrut A. Anjaria

EVENTS IN IMAGES

BRANCH IN NEWS



# *CHAIRMAN'S COMMUNICATION*

Respected Members,

Greetings from Bhuj Branch of WIRC of ICAI,

After a relaxing break of Diwali festival, now again re-activate for completion of Tax audit, GST Annual Return and Income-tax Returns. As we have seen after the festive season there is sudden spike in Covid cases under the new strain of Omicron. So till the time things get normal, please follow Covid guideline strictly and maintain social distance, ware mask and try to avoid to participate in large gatherings

During the Month of November- 2021, we have arranged a Carrier Counselling Program at Shri MuktjivanSwamibapaMahila Arts and Commerce College. 257 Commerce students take the benefit of this seminar. Thanks to Speaker CA Virag Acharya for sparing his valuable time and guide the students about CA Course as well as

opportunities for Cas.Also thankful to CA JagrutAnjaria for Sparing his time and remain present to motivate the  Students.

We have started to publish “journey in profession”of  01 legend Member of our branch titling “True and Fair : Journey of CA”. We have published the experience of CA Ishwarbhai Desai,CA Ramjibhai R. Patel and CA HimmatbhaiThacekr and CA Maheshbhai Anjaria in the Newlettersof last 04 Months. We are publishing the thoughts and experience of  “True and Fair : Journey of CA D. L. Vegad Sir in this Newsletter. Thanks to young members CA HetalBhojani and CA Falguni Katarmal for successfully conducting and managing this new initiative.

We have also lined up various knowledge Webinars in the Month of December and a lot of initiatives are being planned for the benefit of the Members and Students.

Once again It is my humble request to members to contribute article for our monthly newsletter. I also request all members to come forward as a faculty with relevant topics to enable us to organize CPE Seminars continuously with in-house faculties. If any member wants to contribute in respect of any article in future or want to become moderator of any future programs of branch then shall contact any of the Executive committee members.

Best Regards,

CA Ramesh Pindolia

Chairman, Bhuj Branch of WIRC of ICAI

## A conversation With CA D.L.Vegad

CA Hetal Bhojani

**This is a Transcript of Conversation that CA D.L.Vegad had with CA Hetal Bhojani**

આશા છે કે તમને છેલ્લા મહિનાનો CA મહેશ અંજારિયાનો લેખ ગમ્યો હશે. જો આપણે બધા ભૂજમાં જૂની CAની ફર્મ વિશે વિચારીએ તો આપણા બધાનાં મગજમાં સૌથી પે'લું ડી. એલ. વેગડનું નામ યાદ આવે. આજે હું એવા વ્યક્તિની વાત કરી રહી છું કે જેમણે પોતે ડી. એલ. વેગડની સ્થાપના કરી છે કે જે પોતે ડી. એલ. વેગડની નીવ છે. જી હા, હું દયારામ વેગડ સરની વાત કરી રહી છું. તો ચાલો એમના જીવનની સફર અહીં એમના શબ્દોમાં જ વાંચીએ.

અમે મૂળ કચ્છનાં અંજાર તાલુકાનાં. મારો જન્મ અંજાર પાસે કુંભારિયા ગામ છે ત્યાં થયો હતો ૧૯૩૩માં. અહીંયા હું ખાલી બાળપોથી ભણ્યો. પછી બાપુજી અહીંથી નીકળી ગયાં એટલે અમે સુરેન્દ્રનગર ગયાં. સુરેન્દ્રનગર અમે એક વર્ષ રયા એટલે ત્યાં અમને ઘરે જ ભણાવતાં. પછી અમે આબુ રોડ ગયાં એટલે ત્યાં છ મહિના એક સંબંધી હતાં એ ઘરે જ ભણાવતાં. પછી મને સીધો ત્રીજીમાં જ દાખલ કરી દીધો. મારી બીજીની પરીક્ષા લીધી એટલે હું પાસ થઇ ગયો એટલે સીધો ત્રીજીમાં જ દાખલ કરી દીધો. ત્યારે અંગ્રેજોનું રાજ હતું એટલે ભારતની ઇન્ડિયન રેલવે હતી એમાં બે હાઈસ્કૂલ હતી, એક ઇન્ડિયનની અને એક યુરોપીયનની. 'યુરોપીયન રેલવે હાઈસ્કૂલ' હતી એમાં યુરોપીયનના છોકરાઓ ભણે અને 'ઇન્ડિયન રેલવે હાઈસ્કૂલ' માં આપણે ભારતીય છોકરાઓ ભણીએ.૧૯૪૯માં મેં મેટ્રિક પાસ કર્યું. પછી ૪ વર્ષે ગ્રેજ્યુએશન પૂરું કર્યું ૧૯૫૩માં 'આગ્રા યુનિવર્સીટી' અજમેર રાજસ્થાનથી. તે વખતે ગ્રેજ્યુએશન ૪ વર્ષે થતું. તે વખતે કૉલેજમાં english medium compulsory હતું. અજમેર છે ને તે વખતે મોટું educational centre હતું. હજી પણ છે. ત્યાં દયાનંદ સરસ્વતીનું મોટું કેન્દ્ર હતું કે જેમણે આર્ય સમાજની સ્થાપના કરી'તી. એ વિસ્તારમાં જ હું રેતો'તો.

૧૯૫૩માં પછી સર્વિસ માટે હું કચ્છમાં આવ્યો. પછી અહિયાં government serviceમાં accountant તરીકે જોડાયો. પછી ૧૯૫૫માં મારી બદલી sales tax ઇન્સ્પેક્ટર તરીકે કરી. કચ્છમાં sales tax લાગુ પડયો એટલે ૧૯૫૫ માં હું sales tax ઇન્સ્પેક્ટર તરીકે જોડાયો. પછી ૧૯૫૭ માં મેં resign કરી દીધું અને મારી પ્રેક્ટિસ ચાલુ કરી દીધી, Income Tax અને Sales Tax નાં કન્સલ્ટન્ટ તરીકે.૧૯૫૭ થી ૧૯૬૪ ઓક્ટોબર સુધી પ્રેક્ટિસ કરી. પછી ઓક્ટોબર ૧૯૬૪માં CAમાં જોઈન થયો. એટલે ગ્રેજ્યુએશનના ૧૧ વર્ષ પછી હું CAમાં દાખલ થયો.

હું B.com થયોને ત્યારે મારી ઈચ્છા CA કરવાની હતી, કારણ કે ૧૯૪૯માં instituteની સ્થાપના થઇ. એટલે મને ઈચ્છા હતી જ CA કરવાની. પણ મારા પિતાશ્રી મને કે'કે મારી પાસે એટલા રૂપિયા

નથી કે હું તને ડીપોઝીટ આપી શકું. તે વખતે ડીપોઝીટ લેતા. અત્યારે તમને આર્ટિકલ્સ કરવા જાવ તો તમને સામેથી સ્ટાઈપેંડ મળે, ત્યારે તો ડીપોઝીટ રાખતા ૫૦૦૦ રૂપિયા. તે દિવસે ૫૦૦૦ રૂપિયા ની કિમંત હતી.father કે મારી પાસે ૫૦૦૦ રૂપિયા છે, હું એમાંથી મારો ધંધો ચલાવું છું. ૫૦૦૦ જો હું તને આપી દઉં તો પછી હું શું કરું?જો ધંધો ન ચાલે તો ઘર ખર્ચ કેમ કરવો? એટલે પછી હું government serviceમાં જોડાયો. પછી ૧૯૬૪માં અહિયાં નટુભાઈ પટેલ CA હતાં, અને બીજા બે મહેશભાઈ અંજારિયા અને ઈશ્વરભાઈ દેસાઈ ત્રણ જણા હતા એમાં નટુભાઈ પટેલ છેને એ અમદાવાદનાં,એટલે અમદાવાદ થી આવ જાવ કરે. એની ઓફીસે પાછળ કોઈ ના મળે એક કલાર્ક હતો. હું તે વખતે પ્રેક્ટિસ કરતો હતો. તો એની કોઈ મેટર હોય તો કલાર્ક લઈ આવે અને હું એને guidance આપું. મને કે તમે CA કરીલો ને, મેં કીધું CA તો કરી લઉ પણ મારે ખર્ચનો પ્રશ્ન ઉભો થાય તો મને કે'કે હું તમને સ્ટાઈપેંડ આપીશ અને ૨૫૦ રૂપિયા સ્ટાઈપેંડનક્કી કર્યું. તે વખતે સ્ટાઈપેંડ ફરજીયાત હતું નહિ. એટલે આ રીતે ઓક્ટોબર ૧૯૬૪માં મેં CAની શરૂઆત કરી.

મને ત્યારે હોશ હતી કે મને CA કરવું જ છે. મેં જયારે Articleship શરુ કરી ત્યારે મારા ત્રણ છોકરાઓ પણ મોટા થઈ ગયા હતા એટલે બેવડી જવાબદારી હતી ઘરસંસાર પણ ચલાવવો ને સાથે સાથે CA પણ કરવું. મને ઘણાએ કીધું કે તમે હવે CAમાં જોઈન થાશો તો બહુ અઘરું છે.આ બહુ અઘરી પરિક્ષા છે. ત્યારે તો રિઝલ્ટ પણ ઓછુ આવતું. મેં કીધું ભગવાન છે ને આપણા ભેગા! હવે ઈચ્છા છે તો આગળ વધી જ જઉં.

એટલે જો આપણામાં hard end desire હોય ને તો એ કાર્ય અવશ્ય પૂરું થાય જ અને કોઈ પણ કાર્ય માં આપણું મન, બુદ્ધિ અને પોતાનો આત્મા જો જોડી દઈએને તો એ કાર્ય સિદ્ધ થાય જ. એ રીતે મને સફળતા મળી. આમાં મહેનત છે ને એ બહુ જ જરૂરી છે. CAમાં બે વસ્તુ જરૂરી છે એક તો પ્રબળ ઈચ્છાશક્તિ, જો પ્રબળ ઈચ્છા હોય ને તો માણસ મહેનત કરે. ગમે તેમ કરી ને હું આ કાર્ય પ્રાપ્ત કરીશ. વિવેકાનંદ કે'તાં ને 'હું મારો ધ્યેય અવશ્ય પ્રાપ્ત કરીશ' તો એવી રીતે આપણો જો ધ્યેય હોય અને એને પ્રાપ્ત કરવો હોય તો મહેનત કરવી પડે. CAમાં મહેનત બેઝીક છે. અને ભાગ્ય સાથે હોયતો થઈ જાય. પણ અંતરની ઈચ્છા જે છેને એ પ્રબળ હોવી જોઈએ,ઈચ્છા પ્રબળ હોય તો કોઈપણ કાર્ય સિદ્ધ થાય જ.

મેં Articleship જોઈન કરી, ત્યારે તો તેનો સમયગાળો ૪ વર્ષનો હતો.પણ મને એમાં એવું હતું કે સેકન્ડ કલાસ B.com હોય અને intermediate ફસ્ટ ટ્રાયલે પાસ કરે તો 3 વર્ષ થાય. એક વર્ષનું remission મળે.એટલે મને એક વર્ષનું એ remission મળ્યું'તું. intermediate મેં ૧૯૬૬માં ૬૧.૫૦% સાથે પાસ કર્યું અને Final ૧૯૬૮માં પૂરું કર્યું. એટલે CA પૂરું કરતાં લગભગ સાડા ત્રણ વર્ષ થયાં. હું રાતનાં ૧૦ થી ૧ વાંચતાં. દિવસ આખો તો હું articleship માટે ઓફિસ અટેન્ડ

કરતો. રાત્રે છોકરાઓ સુઈ જાય પછી હું વાંચતો. છોકરાઓ નાનાં – નાનાં હતા ત્યારે. સૌથી નાની છોકરી મારી ત્યારે એક થી બે વર્ષની હતી. જેને આગળ વધવું હોય એને મહેનત કરવી પડે.

પછી થોડોક વખત મને થયું કે બોમ્બે કે કોઈ મોટા સેન્ટરમાં જાઉં. એટલે હું બોમ્બે ગયો. બોમ્બેમાં ગોદાવરી સુગરમાં એકાઉન્ટસ ઓફિસર તરીકે મને appointment મળી, એમાં એકાદ મહિનો રહ્યો હું પછી મને ફાવ્યું નહિ. પ્રાઈવેટ સેકટરમાં એ લોકો ની જે કાર્ય પધ્ધતિ હોય એ જરાક ગવર્મેન્ટ કરતાં જુદી હોય એટલે ઓવરટાઈમ કામ કરાવે. આમ – તેમ એ બધું કરાવે પણ appreciation નહિ એટલું.એટલે મેં resign કરી દીધું અને પાછો કચ્છમાં આવીને પ્રેક્ટિસ ચાલુ કરી દીધી.૧૯૬૯માં મેં ઓફીસ ચાલુ કરી. આજે ૫૨ વર્ષ થયાં. મારી સાથે પાર્ટનર છે બીજા નીતિનભાઈ ઠક્કર ૧૯૮૫માં એમને ભાગીદાર તરીકે લીધા. અને હજી બીજા બે પાર્ટનર છે,એક પરેશભાઈ પોપટ અને એક કરણ કરીને એમનાં ભાણેજા છે નીતિનભાઈના એ અમારી ગાંધીધામ ઓફીસ સંભાળે છે. પે'લાં મુન્દ્રા અને માંડવીમાં પણ ઓફીસની શરૂઆત કરી'તી. પણ એ હવે રેગ્યુલર નથી ચાલતી. હવે અહિયાં ભૂજ અને ગાંધીધામ બે મુખ્ય ઓફિસ ચાલે છે. અત્યારે અમે ચાર પાર્ટનર છીએ.

મેં જયારે CA તરીકે પ્રેક્ટિસ ચાલુ કરી ત્યારે મારાં સંપર્કમાં અસીલો તો હતાં જ. એટલે મેં નવેસરથી એકડે એકથી શરૂઆત નતી કરી. મારાં બીજા એક મિત્ર હતાં જાડેજા એ મારી સાથે જોડાયેલાં હતાં ભાગીદાર તરીકે. એટલે ઓફિસ હું એમને સોંપીને CA કરવાં ગયો. અને જયારે CA થઈને પાછો આવ્યો ત્યારે મને એમ હતું કે આપણે બોમ્બે ને એવાં મોટાં સેન્ટરમાં જઈએ, પણ પછી ત્યાં ગયો નહીં ને અહિયાં જ પાછો આવ્યો એટલે એની સાથે જ પછી બેઠો.તો હવે એ CA ન'તાં, B.com જ હતાં ફક્ત એટલે પાર્ટનરશીપ ન થાય એટલે કોમન ઓફિસમાં અમે સાથે બેસતાં. હું મારું income tax અને audit એ બંનેનું કામ કરતો અને એ sales tax ને income tax એ બે કામ કરતાં. sales taxની અમારે વધારે હતી પ્રેક્ટિસ. કારણ કે અમે બંને sales taxમાં ઈન્સ્પેક્ટર હતાંને એટલે અમને બેને અસીલો ઘણાં મળેલા. પછી તો આ CAની ડીગ્રીને કારણે બીજા કામો મળતાં ગયા એટલે વધતું ગયું. પછી નીતિનભાઈ જોડાયા એટલે કામ વધારે વધ્યું. પછી તો ગાંધીધામ ઓફિસ કરી. થોડોક સંઘર્ષ તો થાય.

મને કામ આપતાં શરૂઆતમાં અસીલોને થોડી બીક લગતી. બધાને થાય કે વળી પાછાં હાલ્યા જશે તો? કારણ કે એકવાર તો ઓફિસ સ્ટાર્ટ કરીને પાછો મુંબઈ હાલ્યો ગ્યો'તો. મુંબઈથી આવ્યો પછી મને બરોડામાં એક ઓફર આવી, હરિભક્તિ & કંપની, હરિભક્તિ આપણા ફર્સ્ટ પ્રેસીડન્ટ હતાં, ICAI નાં. એની એક બ્રાન્ચ વડોદરામાં હતી. એમાં બીજા પાર્ટનર હતાં, એમનાં કઝિન ઈશ્વરભાઈ હરિભક્તિ, એ ઓફિસ ચલાવતાં વડોદરાની. એને મને ઓફર કરી પાર્ટનરશીપની. મને કે પે'લાં તમે એક વર્ષ રયો મારી સાથે સર્વિસમાં, પછી હું તમને પાર્ટનર બનાવું. એટલે હું ગ્યો, માણસ બહુ સારા હતાં. અઠવાડિયું રયો ને પછી પાછો હાલી આવ્યો. આપણે સ્વતંત્ર કર્યું હોય ને એટલે પછી કોઈની

સાથે ફાવે નહીં. કોઈના underમાં કામ કરવું ફાવે નહીં. એમણે પાર્ટનરશીપ ડીડ પે'લેથી બનાવી નાખ્યું, એ કે એક વર્ષ પછી આપણે આ terms & conditions પર પાર્ટનરશીપ કરશું. પછી બીજા એક અમદાવાદમાં મિત્ર હતાં, શાહ ભાઈ એમણે પણ ઓફર કરી'તી મને. મને કે અહિયાં આવ, અમદાવાદ આપણે સાથે કરીએ. એની સાથે બીજા એક પાર્ટનર હતાં એ પછી છોડી ગયાં, એટલે પછી મને કે હવે તમે આવી જ જાઓ. મેં કીધું હવે ભૂજમાં ચાલુ કર્યું ને ઘડી ઘડી ક્યાં જાઉં? અહિયાં શાંતિ છે ને સારું છે. એટલે પછી હું ત્યાં ગયો નહીં. અમદાવાદ, મુંબઈ અને વડોદરા ત્રણેય જગ્યાએ શક્યતાઓ હતી. સર્વિસમાં તો શું છે આપણે લાંબુ ફાવે નહીં. પોતે સ્વતંત્ર કરેલું, પ્રાઈવેટ પ્રેક્ટિસ એટલે પછી ન ફાવે. government serviceમાં હજી ફાવે, કારણ કે government serviceમાં immediate બોસ હોય પણ એ કાંઈ માલિક નથી.એટલે પોતાની પ્રેક્ટિસમાં આપણને માનસિક બહુ આરામ હોય. કોઈથી દબાઈને રહીએ નહીં.

અને પ્રેક્ટિસ પણ આપણા નિયમ પ્રમાણે કરવી. આપણા એસોસિએશને જે બે શિડયુલ (schedule) બતાવ્યાં છે એ નિયમની અંદર રહીને કરવી. નિયમનો ભંગ ન કરવો. એટલે નૈતિકતા જાળવી રાખવી. કોઈ અસીલને ઠગવો નહીં. અસીલને અંધારામાં રાખીને પૈસા ખાઈ જઈએ એ બરાબર નથી. આપણો જે હક્ક થતો હોય એ લઈ લેવાનો. નીતિથી ધંધો કરવો એ આપણે ખાસ ધ્યાન રાખવું. ભગવાનની મહેરબાનીથી અમારી ઓફિસ એ નીતિથી જ ચાલે છે આટલાં વર્ષોથી. ethics છે એ બહુ મહત્વનાં છે. નહીંતર જો વેચાઈ જઈએ તો આપણી કિંમત ખલાસ. આ વેપારીઓમાં તો શું છે કે એ બધી જાતના હોય. વચ્ચમાં અમુક કિસ્સાઓ બહાર પડ્યાં'તાં. એમાં અમુક chartered accountants પણ ફસાઈ ગયાં'તાં. એના વતીથી ખોટાં – ખોટાં બધા ટ્રસ્ટોને ઉભા કરી અને સરકારી ટેક્ષની ખૂબ ચોરી કરી.હજીએ કરતાં હશે માણસો. પણ આપણે chartered accountant તરીકે ethics બહુ મહત્વનાં છે.ethics તો જાળવી જ રાખવાનાં. જ્યાં સુધી ethics જાળવી રાખીએ ત્યાં સુધી જ આપણી કિંમત છે. નહીતર બીજામાં ને આપણામાં કાંઈ ફરક નથી. CAની કિંમત એની જ છે. ખાલી પૈસા કમાવા એ તો અભણ માણસોએ કમાય છે. ગોદાવરી સુગરમાં હું ગયો, એના માલિક હતા કે. જે. સોમૈયા. એ બાપા કાંઈ ભણેલા નો'તાં. ચાર ગુજરાતી ભણેલા હતાં અને એને સુગર મિલ ઊભી કરી અને એ પણ કેટલી મોટી એ વખતે એ 'king of sugar' કેવા'તાં. આખા દેશની અંદર ખાંડનું ઉત્પાદન વધુમાં વધુ એની મિલો કરતી. બજારનાં ભાવ એ નક્કી કરતાં, ખાંડના. પછી તો એમના દિકરાએ સંભાળ્યું શાંતિલાલ શેઠ. તો વેપારમાં માણસો ગમે તેમ કમાઈ જાય. એમાં એ અટ્ટા – પટ્ટા એ કરે ને બીજું બધું એ કરે. પણ આપણે તો આપણા નિયમ પ્રમાણે ચાલવું પડે. કોઈ આવીને કે'કે લો આમાં સહી કરી દો, તો આપણે કે'વું પડે કે પે'લાં આના હિસાબો લાવ તું, પછી હું તને સહી કરી દઉં.

મને એવા પણ અસીલ મળ્યા છે કે જે મને કીધું કે ચોપડા વગર ceritifcate સહી કરી આપો. મુંબઈની એક પાર્ટી હતી એ મને મળ્યાં'તાં, મને કે આમાં સહી કરી દો. મારે કાલે સવારે ફ્લાઈટ છે ને પાછું જવાનું છે. મેં કીધું મને તમારાં ચોપડા આપો હું રાત વચ્ચે જોઈ લઈશ અને પછી તમને certificate વે'લી સવારે આપી દઈશ. મને કે ના – ના તમે અમારાં CA છો ને. ખરેખર, એનો CA હું હતો જ નહીં.એના સગા હતાં એનો હું CA હતો. એમણે balance shhet મને આપ્યું ને, એ જોતાં જ મને લાગ્યું કે આ cooked up છે. (ઉભું કરેલું છે) કારણ કે profit & loss accountનો Net profit proprietorનાં capital accountમાં ટ્રાન્સફર થાય એના ફિગરમાં જ ફરક હતો, તો એ balance sheet tally કેમ કરી આવ્યાં? મેં કીધું ચોપડા લાવો તમારાં, તો એ કે ચોપડા તો અત્યારે છે નહીં. મેં કીધું તો હું certificate તમને કેમ આપું? એટલે પછી એ લોકો ચાલ્યાં ગયાં.

અમે ત્યારે ચાર CA હતાં ભૂજમાં: મહેશભાઈ, ઈશ્વરભાઈ, નટુભાઈ અને હું. નટુભાઈ તો પછીથી ચાલ્યાં ગયેલાં એટલે અમે ત્રણ જ હતાં. પછી આર. આર. પટેલ આવ્યાં ૧૯૭૧ માં લગભગ. અહિયાં પછી હું લો કૉલેજમાં પાર્ટ – ટાઇમ લેકચરર (lecturer) જાતો. એમાં taxation lawsનું પેપર હું લેતો. ૧૯૭૩ થી ૧૯૯૩ સુધી. ૧૯૯૩માં મને ૬૦ વર્ષ થયાં એટલે પછી હું રીટાયર થયો. મને કીધું કે extention કરો. પણ મેં કીધું ના, મને રોજ સવારે આવવું હવે ફાવતું નથી.

૧૯૪૭માં જયારે આઝાદી મળીને ત્યારે હું ૦૯માં ધોરણમાં હતો. અમને ધ્વજવંદન કરવાં યુરોપીયન ગ્રાઉન્ડમાં લઈ ગયાં હતાં. અહીંથી ૫૦૦ વિધાર્થીઓ હતા એ બધાને ત્યાં લઈ ગ્યા'તાં, ધ્વજવંદન કરવાં. પે'લાં અમે એ બાજુ જતાં ને તો ત્યાંના છોકરાઓ અમને પત્થરો મારતાં કે ઈન્ડિયનો આવ્યાં છે. અમે પણ સામેથી પત્થર મારો કરતાં અને પછી જલદી દોડીને આ બાજુ આવી જતાં! આપણે ગુલામીમાં હતાં ત્યારે ભારતીયને higher post નાં આપતાં એ લોકો. રેલવેમાં ભારતીય ગાર્ડ અને ડ્રાઈવરનાં પગાર કરતાં બ્રિટીશ ગાર્ડ અને ડ્રાઈવર પગાર ત્રણ થી ચાર ગણો હોય. ભારતીય ને રેહવા માટે કવાટર્સ મળે અને બ્રિટીશર ને બંગલો મળે, ૧૦૦૦ વારનો પ્લોટ મળે. એમાં આઉટહાઉસ હોય પાછા, નોકર ના કવાટર્સ. એવો ભેદભાવ હતો.

અમારો હેડમાસ્તર હતોને એ એંગ્લો-ઈન્ડિયન હતો.એ યુરોપિયન ન હતો, પણ એ જાટ માંથી કન્વર્ટ થયેલો હતો. ખ્રિસ્તી થઇ ગ્યો'તો, એટલે એને એ લોકો બરાબર રાખતાં. એને એનો પાદરી બનાવી દીધો હતો.લગ્ન કરાવે એ. એટલે એ અડધો બ્રિટીશ ની જેમ ચાલતો અમારી સાથે. પણ જેવી આઝાદી મળી ને તો ઠંડો પડી ગયો, એને થયું કે આપણી દાદાગીરી નહીં ચાલે, પણ એટલું ખરું કે એનામાં discipline ઘણું. એના કારણે સ્કૂલમાં વિધાર્થીઓનું ભણતરનું standard સારું રહયું હતું. અને બીજા teachers પણ ધ્યાન રાખે. રેલવેનાં પગારો સારાં હતાં તે વખતે એટલે ત્યાં teachers સારા હતાં ભણાવવામાં.

# Evidence under Income Tax

Compiled by:CA. Jagrutkumar A. Anjaria
B. Com., FCA, DISA (ICAI)

This issue was one of the subject matters of discussion at CPE organized by the Bhuj Branch on 28-10-2021

## EVIDENCE

- Income tax proceedings are not adversarial in nature where each party presents his own case before a neutral adjudicator
- They are not judicial proceeding in a sense
- Strict rules of evidence do not govern
- Assessing office may even act on some material which may not be accepted as evidence in a court of law
- Assessing officer is a party and a judge in his own case
- Wider powers, equally wider responsibility

EVIDENCE ACT

- All facts, except the contents of a document may be proved by oral evidence
- Oral evidence has to be direct
- The witness must
  - Directly see
  - Directly hear
  - Directly perceive
  - Directly holds an opinion
- Indirect evidence are excluded
  - Hearsay
  - Derivative evidence

INCOME TAX ACT

- Duty of the AO
  - Make an assessment
  - Determine tax
- Section 142(2)
  - Authority to inquire and collect evidence
- Section 143(2)
  - Required to hear evidence produced by the assessee

- Section 131
  - Take oral evidence of assessee
  - Take oral evidence of witnesses
  - Use them in the order
- When evidence is considered adverse
  - Give opportunity
    - Adequate
    - Reasonable

GATHERING OF EVIDENCE UNDER INCOME TAX ACT

- Not controlled by Evidence Act
- Scope is much wider
- May act on material which may not be accepted as evidence in Evidence Act
- May take official notice of a wider variety of facts which need not be proved as in Evidence Act
- Not confined to direct evidence (by way of testimony)
- Documentary evidence included
  - Documentary evidence that can be proved by oral evidence
- Circumstantial evidence also included
- Can rely on material gathered by him
- Includes material which is within his personal knowledge
- Includes material gathered by way of hearsay evidence
- Includes material which comes to his possession

LIMITATION ON EVIDENCE

- Only with reference to use of material collected with reference to principle of natural justice
  - Give opportunity of being heard
- Act honestly and fairly
- Not indulge in pure guess work
- AP High Court:
  - Even when Gross Profit is fixed to the detriment of the assessee
    - Assessee id entitled to know reasons
    - Detailing all the adverse evidence collected
  - Failure would make the order legally infirm

INTERESTING INTERPLAY BETWEEN TWO ACTS

- Income tax authority
  - Not strictly bound by technical rigours of Evidence Act
- But can invoke principles contained in the Evidence Act

    - Whenever the occasion demands
- Example
    - Section 110 of the Evidence Act
    - Title follows the possession
        - Unless contrary is proved

# What Judicial Decisions Have to Say About Speaking Order

Compiled by:CA. Jagrutkumar A. Anjaria
B. Com., FCA, DISA (ICAI)

This issue was one of the subject matters of discussion at CPE organized by the Bhuj Branch on 28-10-2021

## SPEAKING ORDER

- Falls under the principles of natural justice, ensures that principles of natural justice are followed
- It is all about giving reason for the decision
- The order would show which particular circumstance received due consideration
- It reduces arbitrariness
- A reasoned order speaks for itself
- According to the Supreme Court
    - It is obligatory on the part of judicial or quasi judicial authority
    - To pass a reasoned order
    - While exercising statutory jurisdiction
    - In the absence of a reasoned order
        - It would become a tool for harassment
- Another observation by the SC
    - While conferring the said (judicial or quasi judicial) power
    - The authority may feel that it would not be in a larger public interest
    - That reasons be recorded and communicated
    - Except for such cases
        - Reasons are required to be recorded for a decision
- One more SC observation
    - Why recording of reasons is essential
        - Prevents unconscious unfairness or arbitrariness
            - The need to search for reason will put the authority on alert
            - Minimise the chances of unconscious infiltration of personal bias or unfairness
            - Irrelevant considerations will get discarded
        - Justice should not only be done but should also appear to be done

        - Unreasoned order may still be just
        - But will not appear to be just
        - Reasoned conclusion will have the appearance of justice
    - In an appeal, an unreasoned order will not help the appellate authority
        - It will have to wade through the entire record to find out what is right and what is wrong
- Gauhatti HC
    - It is a safety valve against arbitrary exercise of discretionary power
    - Otherwise it would encourage mechanical exercise of power
- Gujarat High Court
    - The reasons recorded must be
        - Substantial
        - Cogent
    - But not a mere an apology for reason
        - What is an apology for reason?
            - The phrase is picked up from an SC judgment
            - In the instant case, the only reason that is found in the order of the CWT is "Looking to this fact",
            - The court seems to be saying that the words in inverted comma were used just to fulfill what the section required.
            - They were not the “reason” in true sense but were used as a façade to demonstrate compliance with what the section required
    - The SC on the same terminology of apology of reason
        - We find considerable force in the submission made on behalf of the respondents that the "rubber-stamp" reason given mechanically for the supersession of each officer does not amount to "reasons for the proposed supersession"
        - The most that could be said for the stock reason is that it is a general description of the process adopted in arriving at a conclusion.
        - This apology for reasons to be recorded does not go beyond indicating a conclusion in each case that the

record of the officer concerned is not such as to justify his appointment "at this stage in preference to those selected".


શ્રી મુકતજીવન સ્વામીબાપા
The Institute of Chartered Accountants of India
Career Counselling Program
For Students Pursuing Studies in
Secondary Schools
Higher/Senior Secondary



# ભુજમાં 257 જેટલી છાત્રાને સીએ બનવા વિશે માર્ગદર્શન

## સ્થાનિક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રાન્ચે યોજ્યો સેમિનાર



ભાસ્કર ન્યૂઝ . ભુજ

ભુજમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ બ્રાન્ચ દ્વારા મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મધ્યે યોજાયેલા કારકિર્દી માર્ગદર્શન સેમિનારમાં 257 જેટલી વિદ્યાર્થિનીને સીએ બનવા વિશે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિરાગ આચાર્યએ સીએ કોર્સના પ્રવેશથી માંડીને સીએ થયા પછી કેવી તકો રહેલી છે તે વિશે વિગતવાર માહિતી આપી હતી. સીએ બ્રાન્ચના ચેરમેન રમેશ પિંડોરિયાએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. કોલેજના ટ્રસ્ટી કીર્તિભાઈ વરસાણીએ વધુમાં વધુ વિદ્યાર્થીનીઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ સીએ તરીકે કારકિર્દી બનાવે તેવી આશા વ્યક્ત કરી હતી. જાગૃત અંજારીઆ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રિન્સિપાલ હિનાબેન ગંગરના માર્ગદર્શન હેઠળ કરાયું હતું.



**ભુજ સીએ બ્રાન્ચ દ્વારા યોજાયો કારકિર્દી માર્ગદર્શન સેમિનાર :** ભુજ સીએ બ્રાન્ચ દ્વારા મુક્તજીવન સ્વામી બાપા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ મધ્યે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો. સીએ વિરાગ આચાર્યએ માહિતી આપી હતી. બ્રાન્ચ ચેરમેન સીએ રમેશ પીંડોરિયા દ્વારા પ્રાસંગિક અપાયું હતું. કોલેજની ૨૫૭ વિદ્યાર્થિનીઓએ આ સેમિનારનો લાભ લીધો હતો. કોલેજના ટ્રસ્ટી કીર્તિ વરસાણીએ ઉપસ્થિત રહી મહિલા કોલેજમાંથી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ સીએ કોર્સમાં પ્રવેશ લે તેવી આશા વ્યક્ત કરી હતી. સીએ જાગૃત અંજારિયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મહિલા કોલેજના આચાર્યા હિનાબેન ગંગરે માર્ગદર્શન આપ્યું હતું. તસવીરમાં વિદ્યાર્થીઓ અને ઇન્સેટમાં મંચસ્થ મહાનુભાવ.